[I] સ્વાસ્થ્ય રાજ્યમંત્રી ડૉ. ભારતી પ્રવીણ પવાર અને પ્રો. એસપી સિંહ ડિજિટલ હેલ્થ ઈન્ડિયા કાર્યક્રમના ભાગરૂપે આ કાર્યક્રમ શરૂ કર્યો.

[II] કિલકારી એક કેન્દ્રીકૃત ઈન્ટરેક્ટિવ વોઈસ રિસ્પોન્સ (IVR) આધારિત મોબાઈલ સ્વાસ્થ્ય સેવા છે જે લાભાર્થીના મોબાઈલ પર ગર્ભાવસ્થા, પ્રસવ અને બાળકોની દેખરેખ બાબતે મફત, સાપ્તાહિક, સમય-આધારિત સંદેશ મોકલશે.




[III] આ એક સંયુક્ત નિઃશુલ્ક ઓડિયો પ્રશિક્ષણ પાઠ્યક્રમ છે જે માન્યતા પ્રાપ્ત સામાજિક સ્વાસ્થ્ય કાર્યકર્તાઓ (આશા વર્કર)ના જ્ઞાનને વિસ્તારિત અને તાજા કરવા માટેની એક પહેલ છે.

[IV] આ કાર્યક્રમનું લક્ષ્ય લાભાર્થીઓને પ્રજનન, માતૃ, નવજાત અને બાળ સ્વાસ્થ્ય દેખરેખ બાબતે IVRSના માધ્યમથી સાપ્તાહિક 72 ઓડિયો સંદેશ મોકલવામાં આવશે.

Current Affairs By C.H.Shingala

**[*] સમાન નાગરિક ધારો લાગૂ કરનાર ઉત્તરાખંડ પ્રથમ રાજ્ય બન્યુ.**

[I] સમાન નાગરિક સંહિતા ઉત્તરાખંડ વિધેયક 2024 વિધાનસભામાંથી પસાર કરાયું.

[II] આ વિધેયક લગ્ન અને છૂટાછેડા, વારસાઈ સંપત્તિ, લિવ-ઈન રિલેશનશિપ અને તે સંબંધિત બાબતોમાં નિયંત્રણ કાયદાઓ રજૂ કરે છે.




[III] આ ધારાઓ લાગૂ પડયેથી ઉત્તરાખંડમાં લગ્ન, છૂટાછેડા, સંપત્તિ, લિવ-ઈન વગેરે બાબતમાં તમામ માટે સમાન નિયમો લાગૂ પડશે. ચાહે તે કોઈ પણ ધર્મની વ્યક્તિ હોય. પરંતુ રાજ્યની અનુસૂચિત જનજાતિઓ ને લાગૂ નહીં પડે.

## ⊙ ઉત્તરાખંડ UCC ની વિશેષતાઓ ⊙

→ મુસ્લિમ પર્સનલ લૉ હેઠળ થનાર વિવાહ અને તલાક રદ.

→ વિવાહ માટે કાનૂની ઉંમર પુરુષ માટે 21 વર્ષ અને સ્ત્રી માટે 18 વર્ષ.

→ લિવ-ઈનમાં રહેનાર સંબંધિતોએ નોંધણી ફરજિયાત. આવું ન કરવા પર એક માસના સંબંધ બાદ ત્રણ મહિનાની જેલ અને વધુમાં વધુ રૂ.10,000 સુધીના દંડની જોગવાઈ.

→ નવા વિધાયકમાં અમાન્ય વિવાહના કારણે જન્મનાર બાળકોને કાયદાકીય માન્યતા આપવાની વાત.

→ રાજ્યમાં દ્વિવિવાહ અને બહુવિવાહ પર પ્રતિબંધ.

→ વિધેયક લાગૂ કરાયા બાદ લગ્નની નોંધણી ફરજિયાત બનાવાઈ.

Current Affairs By C.H.Shingala

## (*) અનુભવી પત્રકાર અને સાહિત્ય અકાદમી પુરસ્કાર વિજેતા ફારૂક નાઝકીનું 83 વર્ષની વયે નિધન

I. તેઓ મીડિયા અને સાહિત્ય જગતની એક પ્રસિદ્ધ હસ્તી હતા.

II. તેઓ પ્રસારક, કવિ અને મીડિયા સલાહકાર તરીકે કાર્યરત હતા અને ઓલ ઈન્ડિયા રેડિયો કશ્મીર અને દૂરદર્શનના વિવિધ સ્થાનોએ કામ કર્યું.



III. તેમના કવિતા સંગ્રહ 'નાર હ્યુતુન કેંજલ વાનાસ' માટે 1995 માં સાહિત્ય અકાદમી પુરસ્કાર અપાયો.

IV. તેમણે બે મુખ્યમંત્રી ફારૂક અબ્દુલા અને ઓમર અબ્દુલાના મીડિયા સલાહકાર તરીકે કામ કર્યું હતું.

## (*) લક્ષ્મીનારાયણ આંતરરાષ્ટ્રીય પુરસ્કાર

I. પ્રસિદ્ધ સંગીતકાર પ્યારેલાલ શર્માને આ પુરસ્કાર અપાયો. જેઓ હિંદી સિનેમાના સૌથી સફળ સંગીતકારો માંથી એક છે.

II. તેમણે 6 દશકાના સમયમાં અનેક સદાબહાર ગીતો આપ્યા અને હાલમાં જ ભારતનો ત્રીજો સૌથી મોટો નાગરિક પુરસ્કાર પદ્મભૂષણ પણ અપાયો.

III. લક્ષ્મીનારાયણ ગ્લોબલ મ્યૂઝિક ફેસ્ટિવલ દ્વારા આ પુરસ્કારની શરૂઆત 1992 માં ડૉ. એલ. સુબ્રમણ્યમે કરી હતી.



Current Affairs By C.H. Shingala GCPSC

## ✱ ૧ ફેબ્રુઆરી - 2024 ✱

**✱ તવાંગચૂ ટાઈડ્સ ઈન્ટરનેશનલ કયાકિંગ ચેમ્પિયનશિપ 2024 અરૂણાચલ પ્રદેશમાં આયોજિત થઈ.**

I. તવાંગ જિલ્લા ડે. કમિશ્નર એ બોંગલેંગ ગામમાં ડોંગશેંગમાંગ ખાતે આ ચેમ્પિયનશિપનું ઉદ્ઘાટન કર્યું.

II. આ કાર્યક્રમનું આયોજન 'SWYTCH' (સ્વિચ) નામક સંસ્થા દ્વારા 7 થી 9 ફેબ્રુઆરી દરમિયા થશે. જેમાં વિવિધ દેશોના 51 કયાકર્સો ભાગ લેશે.



III. આ આયોજનનો ઉદ્દેશ્ય અરૂણાચલ પ્રદેશનો કયાકિંગના વૈશ્વિક કેન્દ્ર તરીકે વિકાસ કરવાનો છે.

IV. કયાકિંગ રમતમાં કયાકનો ઉપયોગ થાય છે અને તેની વડે પાણી પર ચાલવા માટે ડબલ પેડલવાળી હોડી વપરાય છે.

Current Affairs By C.H.Shingela

**✱ નીમા સરીઆલીન વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર ઓફ ધ યર પીપલ્સ ચોઈસ એવોર્ડ.**

I. સૂતેલા ધ્રુવીય રીંછની તસવીર માટે આ એવોર્ડ અપાયો છે.

II. આ તસવીર માટે નીમાએ નોર્વેજિયન દ્વીપો પર ત્રણ દિવસ સુધી ધ્રુવીય રીંછની શોધખોળ કરી હતી.

III. સરીઆલીએ આ તસવીરને 'આઈસ બેડ' નામ આપ્યું હતું અને તને 75,000 મત મળ્યા.

યાદ રાખો (૦૭)

→ ઉત્તરપ્રદેશ [21 હવાઈમથકો] ધરાવતું પ્રથમ રાજ્ય બન્યું. (ચૌધરી ચરણસિંહ એરપોર્ટ, લખનૌ સૌથી મોટું)

→ ઓડિશા – 2.55 લાખ કરોડનું બજેટ.
↳ નાણા મંત્રી – વિક્રમ કેસરી અરૂખા

**[*] સ્ટાર્ટઅપ માટે MSME મંત્રીએ 'સ્માર્ટ કાર્ડ' લોન્ચ કર્યું.**

[I] તમિલનાડુના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રી ટીએમ અનબરસને આ કાર્ડ લોન્ચ કર્યું.

[II] સ્માર્ટ કાર્ડ સસ્તા દરે ઉત્પાદનો અને સેવાઓના એક વિસ્તૃત પસંદગી પ્રક્રિયા માટે કામ કરશે જેમાં શરૂઆતમાં સ્ટાર્ટઅપ માટે જરૂરિ તમામ સેવાઓ પૂરી પડાશે.

[III] ઉત્પાદન અને સેવાઓને 6 અલગ-અલગ શ્રેણીઓમાં વર્ગીકૃત કરવામાં આવે છે.



① કાયદો અને અનુપાલન
② માર્કેટિંગ
③ નાણા અને વીમા સેવા
④ માનવ સંસાધન અને સ્માર્ટ કાર્યક્ષેત્ર
⑤ સોફ્ટવેર
⑥ IT / ITES

**[*] મોટુમારી-વિષ્ણુપુરમ ડબલીંગ અને મોટુમારી રેલઓવર રેલ પ્રોજેક્ટ.**

[I] તેલંગાણા અને આંધ્રપ્રદેશના રાજ્યોમાં આવતા આ પ્રોજેક્ટથી સામાજિક અને આર્થિક વિકાસને વેગ મળશે.

[II] 88.81 Kmના અંતરે ફેલાયેલ મોટુમારી વિષ્ણુપુરમ, કાઝીપેટ-વિજયવાડાને તથા સિકંદરાબાદ-ગુંટુરના નેટવર્કને જોડે છે. જે આંધ્ર, ઓડિશા, તેલંગાણા, કર્ણાટક, મહારાષ્ટ્રને જોડતી રેલ લિંક છે.

[III] ડબલિંગથી કૃષિ ઉત્પાદન, સિમેન્ટ, કોલસો અને અન્ય ખનિજ ઉત્પાદનોના ઝડપી પરિવહન અને અવરજવરને સરળ બનાવી શકાશે.



(*) રાજકોટમાં સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમનું નામ બદલીને <u>નિરંજન શાહ સ્ટેડિયમ</u> કરવામાં આવ્યું.

I) ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ચાલી રહેલ ટેસ્ટ સીરીઝ દરમિયાન આ નામ બદલવામાં આવ્યું.

II) નિરંજન શાહે 1960 અને 70ના દશકમાં સૌરાષ્ટ્ર માટે 12 પ્રથમ-શ્રેણીની મેચો રમી હતી. અને લગભગ ચાર દશક સુધી સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના સચિવ તરીકે કામ કર્યું હતું.




III) શાહે BCCI (The Board of Control for Cricket in India)માં સભ્ય તરીકે રહ્યા છે. BCCIના અન્ય અધિકારીઓના નામ પરથી સ્ટેડિયમ...
- એમ એ ચિદમ્બરમ (ચેન્નાઈ)
- એમ ચિન્નાસ્વામી (બેંગલુરુ)
- આઈ એસ બિન્દ્રા (મોહાલી)
- વાનખેડે (મુંબઈ)

IV) દેશભરમાં ભારતના પ્રથમ પ્રધાનમંત્રી જવાહરલાલ નેહરુના નામ પર 9 સ્ટેડિયમ છે.

(*) સરકારે ખાદ્ય સુરક્ષા અને માનક નિયમોમાં સંશોધનને મંજૂરી આપી.

I) હવેથી ખાદ્ય ઉત્પાદો માટે FSSSI માંથી એક જ પ્રમાણપત્ર આવશ્યક બનશે. હવેથી ખાદ્ય ઉત્પાદનો માટે BIS અને એગમાર્કની જરૂરિયાત નહિ રહે.

II) આ મંજૂરી 'એક રાષ્ટ્ર, એક કોમોડિટી, એક નિયામક'ની અવધારણા પર આધારિત છે.

Current Affairs By C.H.Shingala GPSC

[*] 10 ફેબ્રુઆરી, 2023 [*]

## [*] તાડોબા-કવલ સંરક્ષણ રિઝર્વ-તેલંગાણા

[I] તાડોબા-અંધારી ટાઈગર રિઝર્વ અને કવલ ટાઈગર રિઝર્વ વચ્ચેના ક્ષેત્રને સંરક્ષણ રિઝર્વ જાહેર કરવા વન વિભાગના પ્રસ્તાવને તેલંગાણા રાજ્ય વન્યજીવે મંજૂરી આપી

[II] કેન્દ્ર સરકારની મંજૂરી બાદ કાગજનગર અને આસિફાબાદ ડિવીઝનોમાં 1492 વર્ગ Km ક્ષેત્રમાં એક સંરક્ષણ રિઝર્વ બનાવાશે.




[III] તેલંગાણા રાજ્ય વન્ય જીવ બોર્ડની બેઠકમાં સથુપલ્લી અને કિન્નરસાની જંગલોમાં બાઈસન અભયારણ્યના પ્રસ્તાવ પર પણ ચર્ચા કરવામાં આવી.

[IV] તાડોબા રા. ઉદ્યાન મહારાષ્ટ્રના ચંદ્રપુર જિલ્લામાં સ્થિત વાઘનું સૌથી મોટું અભયારણ્ય અને સૌથી જૂનું રાષ્ટ્રીય ઉદ્યાન છે.

Current Affairs By C.H.Shingala

## [*] બિહાર રાજ્ય આપત્તિ નિવારણે 'તીવ્ર ડિવાઈસ' લોન્ચ કર્યું.

[I] તીવ્ર (નૉવેલ ઈનિશિએટિવ ટેક્નોલોજિકલ ઈન્ટરવેંશન ફોર સેફ્ટી આફ હ્યૂમન લાઈવ) ઉપકરણ IIT, પટના દ્વારા બનાવાયું છે.




[II] પેંડન્ટ આકારના આ ઉપકરણમાં વોઈસ મેસેજના માધ્યમથી ઉપયોગકર્તાને વિજળી પડવી, ગરમીની લહેર અને ઠંડી લહેરની ચેતવણી અપાશે

[III] આ ડિવાઈસ ~~તીવ્ર~~ શરીરની ગરમીના આધારે ચાર્જ થઈ શકશે.

## [*] આદિ મહોત્સવ - 2024 | 10 થી 18 ફેબ્રુઆરી

I) વાર્ષિક જનજાતીય મહોત્સવ, આદિ મહોત્સવ 2024 નું રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ નવી દિલ્હીના મેજર ધ્યાનચંદ સ્ટેડિયમ ખાતે ઉદ્ઘાટન કર્યું.




II) જનજાતીય બાબતના મંત્રાલય દ્વારા ટ્રાઈફેડ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જે ભારતની જનજાતીય વિરાસતની સમૃદ્ધ વિવિધતા પ્રદર્શિત કરવામાં આવશે.

III) દેશભરના વિવિધ વિસ્તારમાંથી 1000 જેટલા કારીગરો ભાગ લેશે તથા વિવિધ વિસ્તારના જનજાતીય વ્યંજનોનું પ્રદર્શન પણ એક ફૂડ કોર્ટના માધ્યમથી થશે.

Current Affairs By C.H.Shingala

## [*] ભારતનું પ્રથમ અત્યાધુનિક લઘુ પશુ હોસ્પિટલ ટાટા ટ્રસ્ટ દ્વારા મહાલક્ષ્મી, મુંબઈ ખાતે સ્થાપિત કરાયું.

I) 200થી વધુ બેડ સુવિધા સાથે 5 માળમાં 98,000 વર્ગ ફૂટમાં સ્થાપિત કરાયું.

II) આ હોસ્પિટલની સ્થાપના ટાટા સમૂહના પૂર્વ અધ્યક્ષ રતન ટાટાએ પાલતૂ જાનવરો માટેની એક સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલના દ્રષ્ટિકોણથી પ્રેરિત છે.

Crack GPSC

યાદ રાખો

→ RBI એ લેણદેણ એગ્રીગેટર વ્યવસાય માટે જસપે, ઝહો અને ડિસેંટ્રો ને મંજૂરી આપી.

→ અજય કુમાર ચૌધરીને NPCI ના કાર્યકારી અધ્યક્ષ નિયુક્ત કરાયા.

→ દુનિયાના ગરમ થનાર પૃથ્વીના વાયુમંડળ અને મહાસાગરના અધ્યયન માટે નાસાએ PACE (પ્લેંકટન, એરોસોલ, ક્લાઉડ, ઓશન ઈકોસિસ્ટમ) મિશન લોન્ચ કર્યું.

→ છત્તીસગઢ નાણા મંત્રી ઓપી ચૌધરીએ 1.47 લાખ કરોડ રૂ.નું બજેટ રજૂ કર્યું.

# [*] 11 ફેબ્રુઆરી, 2024 [*]

## [*] વરૂણ ઘોષ - ભારતીય મૂળના પ્રથમ ઓસ્ટ્રેલિયન સેનેટર.

[I] ભારતીય મૂળના ઓસ્ટ્રેલિયન બેરિસ્ટર વરૂણ ઘોષ ઓસ્ટ્રેલિયન સાંસદના પ્રથમ સેનેટર બન્યા.

[II] તેઓ ઓસ્ટ્રેલિયન સંસદમાં પ.ઓસ્ટ્રેલિયાનું પ્રતિનિધિત્વ કરશે અને તેઓ વર્લ્ડ બેંક સાથે પણ જોડાયેલા છે.



[III] લેબર પાર્ટી દ્વારા સત્તાવાર રીતે તેમના નામની જાહેરાત થઈ. અને તેઓ સેનેટર પૅટ્રિક ડોડસનું સ્થાન લેશે.

Current Affairs C.R. Shingala GPSC

## [*] વિશ્વ કઠોળ દિવસ - 10 ફેબ્રુઆરી.

[I] કઠોળના પોષણ અને પર્યાવરણીય લાભ બાબતે જાગૃતતા લાવવા આ દિવસ મનાવાય છે.

[II] વર્ષ 2024ની થીમ - 'કઠોળ: પૌષ્ટિક માટી અને લોકો'

[III] UN મહાસભામાં બુર્કીના ફાસોએ આ દિવસ મનાવવાનો પ્રસ્તાવ રાખ્યો હતો. કઠોળને લેગ્યુમ્સ પણ કહેવાય છે અને તેને વૈશ્વિક ખાદ્ય પદાર્થ માનવામાં આવે છે. જે દરેક દેશ દ્વારા ઉગાડવામાં આવે છે.

[IV] કઠોળમાં પ્રોટીન અને ફાયબરની માત્રા વધુ હોય છે. જે કોલેસ્ટ્રોલ ઘટાડે છે તથા રૂધિર શર્કરાનું પ્રમાણ પણ ઘટાડે છે.



## [*] ભારત રત્ન

[I] પૂર્વ પ્રધાનમંત્રી પી.વી. નરસિમ્હારાવ અને ચૌધરી ચરણસિંહ સાથે કૃષિ વૈજ્ઞાનિક એમ એસ સ્વામીનાથનને ભારત રત્ન અપાશે.

[II] ચૌધરી ચરણસિંહ ભારતના છઠ્ઠા પ્રધાનમંત્રી બન્યા હતા અને 170 દિવસ બાદ બહુમત સાબિત ન થતા તેઓએ પદ છોડ્યું હતું.

[III] પામુલાપર્તી વેંકટ નરસિમ્હારાવ ભારતના 10માં પ્રધાનમંત્રી હતા અને તેમના આર્થિક સુધારાઓ માટે જાણીતા હતા.

[IV] સ્વામીનાથન ભારતમાં હરિતક્રાંતિના જનક માનવામાં આવે છે.



Current Affairs By C.H.Shingala

## [*] વિશ્વ સરકાર શિખર સંમેલન

[I] 2024, 12થી14 ફેબ્રુ. દુબઈ ખાતે આયોજિત થનાર આ સંમેલનમાં ભારત, તુર્કિયે ને કતાર ને અતિથિ નામિત કર્યા.

[II] સંમેલનનો વિષય - શેપિંગ ફ્યુચર ગવર્નમેન્ટ।

[III] સંમેલનમાં દુનિયાના 25 સરકાર અને રાષ્ટ્રપ્રમુખો ભાગ લેશે.

[IV] તુર્કીયે - રા.પતિ રેસેપ તૈયપ એર્દોગન
ભારત - પી.એમ. મોદી
કતાર - વિદેશ મંત્રી - શેખ મોહમ્મદ બિન અબ્દુલરહમાન બિન જસીમ અલ થાની
ભાગ લેશે.

**⊛ કતાર અદાલતે મોતની સજા આપેલ આઠ પૂર્વ ભારતીય નૌસેના કર્મીઓને છોડી મૂક્યા.**

[I] દહરા ગ્લોબલ કંપનીમાં કામ કરી રહેલ આ આઠ કર્મીઓને કતારે છોડી દીધા છે.

[II] કતાર અને ભારત વચ્ચે રાજનૈતિક વાર્તાલાપ બાદ તમામને મોતની સજાને વિસ્તારિત જેલની સજામાં તબદીલ કરાયા હતા.

[III] 2022માં સબમરીન પરની જાસૂસીના આરોપ સર તમામની ધરપકડ કરવામાં આવી હતી.

**⊛ 67મી અખિલ ભારતીય પોલીસ ડ્યૂટી મીટ - લખનઉ**

[I] આ આયોજનનો ઉદ્દેશ્ય અપરાધોની વૈજ્ઞાનિક તપાસ માટે પોલીસ અધિકારીઓ વચ્ચે સહયોગ અને ઉત્કૃષ્ટતા વધારવાનો છે.

[II] આ પ્રસંગે RPFના અધ્યક્ષે સંબંધિત મોબાઈલ એપ અને વેબસાઈટ લોન્ચ કર્યા.

Current Affairs By C.H.Shingala

**⊛ વિશ્વ યૂનાની દિવસ - 11 ફેબ્રુઆરી**

[I] ભારતીય યૂનાની વિદ્વાન હકીમ અજમલ ખાનના સન્માનમાં તેમની જન્મજયંતી વિશ્વ યૂનાની દિવસથી મનાવાય છે. તેમને ભારતમાં યૂનાની ચિકિત્સાના પિતા માનવામાં આવે છે.

[II] વર્ષ 2024ની થીમ - 'યૂનાની ચિકિત્સા - એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય'

[III] યૂનાની ચિકિત્સાને યૂનાની તિબ્બ, અરબી ચિકિત્સા કે ઈસ્લામી ચિકિત્સા પણ કહેવાય છે



## [*] 12 ફેબ્રુઆરી - 2024 [*]

**[*] સંગીત નાટક અકાદમીનું ક્ષેત્રીય કેન્દ્ર - હૈદરાબાદમાં સ્થપાશે.**

[I] આ કેન્દ્રને 'દક્ષિણ ભારત સાંસ્કૃતિક કેન્દ્ર' પણ કહેવાશે. જે દક્ષિણ ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસતને વેગ આપવાનું કામ કરશે.

[II] આ ઉદ્ઘાટન ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુ દ્વારા કરવામાં આવ્યું

### • સંગીત નાટક અકાદમી •

- પ્રદર્શન કલા ક્ષેત્રમાં સર્વોચ્ચ સંસ્થા છે.
- સ્થાપના 1953 માં સંગીત, નૃત્ય અને નાટકના રૂપમાં ભારતની વિવિધ સંસ્કૃતિની વિશાળ અમૂર્ત વિરાસતના રક્ષણ અને પ્રચાર માટે
- મુખ્યાલય - નવી દિલ્લી

संगीत नाटक अकादेमी Sangeet Natak Akademi
NATIONAL ACADEMY OF MUSIC, DANCE AND DRAMA

Current Affairs By C.H.Shingala

**[*] નીતિ આયોગે ચાર શહેરોના આર્થિક પરિવર્તનની યોજના બનાવી.**

[I] નીતિ આયોગે મુંબઈ, સૂરત, વારાણસી અને વિશાખાપટ્ટનમના આર્થિક પરિવર્તન માટે યોજના બનાવી જે ભારત @2047 પહેલનો ભાગ છે

[II] ભારતનું નીતિ આયોગ 2047 સુધીમાં ભારતની અર્થવ્યવસ્થા 30 ટ્રિલિયન અમેરિકન ડોલર બનાવવાની તૈયારીમાં છે.

યાદ રાખો 09

→ EPFO એ જમા રાશિ વ્યાજદર 8.15% થી વધારી 8.25% કર્યા.

## ✱ વિજ્ઞાનમાં મહિલાઓ અને છોકરીઓનો આંતરરાષ્ટ્રીય દિવસ
## 11 ફેબ્રુઆરી

[I] વિકાસ લક્ષ્યો પ્રાપ્ત કરવામાં મહિલાઓની ભૂમિકા બાબતે જાગૃતતા લાવવા આ દિવસ મનાવાય છે.

[II] થીમ-2024 = 'વિજ્ઞાન નેતૃત્વમાં મહિલાઓ અને છોકરીઓ, સ્થિરતા માટે એક નવો યુગ!

[III] UN મહાસભાએ લૈંગિક સમાનતા મેળવવા અને મહિલા સશક્તિકરણને આગળ ધપાવવા આ દિવસ શરૂ કર્યો.

## ✱ લિમ્ફેટિક ફાઈલેરિયાસિસ અટકાવવા માટેનું અભિયાન

[I] કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના રાજ્યમંત્રી પ્રો. એસપીબઘેલે રાષ્ટ્રવ્યાપી માસ ડ્રગ એડમિનિસ્ટ્રેશન અભિયાન શરૂ કર્યું.

[II] અભિયાનનો ઉદ્દેશ્ય ગ્રામીણ ક્ષેત્રમાં આ બિમારીથી પ્રભાવિત લોકોને મફત દવા અને જરૂરિ સારવાર આપવાનો છે.

[III] ભારત વૈશ્વિક લક્ષ્યથી ત્રણ વર્ષ આગાઉ 2027 સુધીમાં આ રોગ ખતમ કરવા પ્રતિબદ્ધ છે.

• **લિમ્ફેટિક ફાઈલેરિયાસિસ (એલિફેન્ટિયાસિસ)**

→ એક પરજીવી રોગ છે જે ફિલારિયોડિડિયા પરિવારના નેમાટોડ કૃમિથી થાય છે.

→ એશિયાના ઉષ્ણકટિબંધીય વિસ્તાર, આફ્રિકા, પશ્ચિમ પ્રશાંત, કેરેબિયન, દ. અમેરિકામાં પ્રચલિત



Current Affairs By C.H.Sringala GPSC

# (*) 13 ફેબ્રુઆરી, 2024 (*)

## (*) નિલય અંજારિયા - કર્ણાટક HC ના ચીફ જસ્ટિસ

[I] ગુજરાત HC ના જજ તરીકે 13 વર્ષની સેવા બાદ મૂળ માંડવી કચ્છના નિલય અંજારિયાની કર્ણાટક HC ના ચીફ જસ્ટિસ તરીકે નિયુક્ત કરાઈ.



[II] તેઓ ગુજરાત HC માં 2011માં નિયુક્ત થયા અને સિવિલ બંધારણીય ટેક્સેસન, કાયદા ક્ષેત્રની વિદ્વતા, ક્ષેત્રે નામના ધરાવે છે.

[III] કોલેજ અને વિદ્યાર્થી કાળમાં કટાર હાસ્યલેખક તરીકે ગુજરાતના અખબારોમાં પ્રકાશિત થતા હતા.

GCPSC Current Affairs By C.H.Shingala

## (*) પવારની પાર્ટીનું નવું નામ - NCP-SP

[I] રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટીનું ચૂંટણી ચિહ્ન ભત્રીજા અજિત પવારને સોંપ્યા બાદ ચૂંટણીપંચે શરદ પવાર જૂથને નવું નામ આપ્યું.

[II] પવાર જૂથનું નવું નામ 'નેશનલિસ્ટ કોંગ્રેસ પાર્ટી - શરદચંદ્ર પવાર' (NCP-SP) અપાયું અને અજિત પવારને અસલી NCP ઠેરવાયા.

[III] ચૂંટણી પંચે જૂથ પાસેથી પક્ષના નવા નામ માટે 3 વિકલ્પો માંગ્યા હતા જેમાં એનસીપી-શરદચંદ્ર પવાર, એનસીપી-શરદરાવ પવાર અને NCP-શરદ પવાર નામ સૂચવ્યા હતા અને ચૂંટણી ચિહ્ન તરીકે 'વડનું વૃક્ષ' માંગ્યું હતું.

યાદ રાખો :)

→ ખાડી વાહક એતિહાદ એરવેઝ ચેન્નઈ સુપર કિંગ્સના પ્રાયોજક બન્યા. અને તેના માટે અભિનેત્રી કરીના કપૂરને બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત કરાયા.

## [*] શ્રીલ પ્રભુપાદજીની 150મી જન્મજયંતી.

[I] ભક્તિ, સેવા અને આધ્યાત્મિકતાને સમર્પિત શ્રીલ પ્રભુપાદજીની 150મી જન્મજયંતી પર સ્મારક સિક્કો અને ટપાલ ટિકિટ ભારતના સંસ્કૃતિ મંત્રાલયે લોન્ચ કર્યા.

[II] શ્રીલ પ્રભુપાદ ગૌડિયા સંગઠન સાથે જોડાઈને ભક્તિ ચેતના જગાવવાના આંદોલન સાથે જોડાયેલા છે.




## [*] બુમરાહ વિશ્વનો નંબર વન ટેસ્ટ બોલર

[I] ભારતના સ્ટાર બોલર અને વિશાખાપટ્ટનમ ટેસ્ટમાં મહત્વની ભૂમિકા ભજવનાર જસપ્રીત બુમરાહ વિશ્વનો નંબર-1 ટેસ્ટ બોલર બન્યો.

[II] ICCના રેન્કિંગમાં 881 પોઈન્ટ સાથે રવિચન્દ્ર અશ્વિનને પાછળ રાખી તે નંબરવન પર રહ્યા.

[III] બોલિંગ રેન્કિંગમાં બુમરાહ બાદ બીજા સ્થાને સા.આફ્રિકાના કાગિસો રબાડા અને ત્રીજા સ્થાને આર. અશ્વિન છે.




## [*] એશિયાનો સૌથી મોટો ટ્રાવેલ શો OTM-2024 મુંબઈમાં

[I] એશિયાનો સૌથી મોટો ટ્રાવેલ શો OTM-2024 જિયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટર BKCમાં પ્રારંભ થયો.

[II] ઉદ્ઘાટક - શ્રીલંકન પર્યટનમંત્રી હારીન ફર્નાન્ડો, ઈન્ડોનેશિયા પર્યટક મંત્રી મેડ આયુ માર્થિન.

[III] ભારત સહિત 60 દેશના 1600થી વધુ પ્રદર્શનકારીઓ ભાગ લેશે.




Current Affairs By C.H.Shingala

**(*) ફિટ ઈન્ડિયા મુવમેન્ટના બ્રાન્ડ એમ્બેસેડર 'નરેન્દ્ર કુમાર યાદવ'**

I) GST અતિરિક્ત નિર્દેશક નરેન્દ્ર કુમારને એમ્બેસેડર બનાવાયા છે. જેઓ સૌથી નાની ઉંમરના IRS છે.

II) તેઓ તેમની સાર્વજનિક સેવા માટે તેમના સમર્પણ અને જુનૂન માટે જાણીતા છે.

• ફિટ ઈન્ડિયા મુવમેન્ટ •

→ 29 ઓગસ્ટ 2019 એ PM મોદીએ લોન્ચ કરી.

→ મુખ્ય ઉદ્દેશ્ય વ્યવહારમાં બદલાવ લાવે શારીરિક જીવનશૈલીને મજબૂત બનાવવી તથા ફિટનેસ બાબતે જાગૃતતા લાવવી.


Narendra Kumar Yadav, IRS first civil servant Appointed as Brand Ambassador for Fit India Movement

**(*) દ્રાસ વોરિયર્સે 15મી CEC આઈસ હોકી ચેમ્પિયનશિપ જીતી.**

I) લદ્દાખમાં કારગિલના ખ્રી સુલતાન ચૂ આઈસ હોકી રિંકમાં દ્રાસ વોરિયર્સ વિજેતા બન્યા. જેમણે યૂનાઈટેડ ચિકટન વિરુદ્ધ 7 ગોલ કરી જીત મેળવી.

II) વસીમ ઈકબાલ મેન ઓફ ધ સીરીઝ અને મેન ઓફ ધ મેચ જાહેર થયા.

III) મહિલાઓમાં બોધિખારબો મહિલા ટીમે વાખા મુલબાક્ષેને હરાવી મહિલા કપ જીત્યો.



## [*] 14 ફેબ્રુઆરી, 2024 [*]

### [*] ગોંડલ માર્કેટ યાર્ડ દેશનું પ્રથમ ડિજિટલ યાર્ડ

[I] સૌરાષ્ટ્ર સહિત સમગ્ર ગુજરાતમાં અગ્રીમ ગણાતું ગોંડલ માર્કેટ યાર્ડ દેશનું પ્રથમ ડિજિટલ યાર્ડ બન્યું.

[II] ડિજિટલ એપનું લોન્ચિંગ યુવા અગ્રણીઓ દ્વારા કરવામાં આવ્યું જે હેઠળ ખેડૂતોને યાર્ડમાં વાહનની એન્ટ્રીથી માંડી હરાજીની તમામ માહિતી ડિજિટલી પ્રદાન થશે.

[III] યાર્ડ ચેરમેન અલ્પેશ ઢોલરિયા અનુસાર ખેડૂત પોતાની જણસી લઈ માર્કેટ યાર્ડના ગેટમાં પ્રવેશે ત્યાંથી ક્યાં શેડમાં અને કેટલાં ભાવમાં માલ વેચવામાં આવ્યો છે તે તમામ બાબતો મળી શકશે.




Current Affairs By C.H.Shingala
GPSC

### [*] દુનિયાની 5માંથી એક પ્રવાસી પ્રજાતિ લુપ્ત થવા પર

[I] સંયુક્ત રાષ્ટ્રની એક રિપોર્ટ અનુસાર, દુનિયાની પ્રવાસી પ્રજાતિ લુપ્ત થવાના આરે પહોંચી છે. જેના માટે માનવ અતિક્રમણ અને જળવાયુ પરિવર્તનને જવાબદાર ગણવામાં આવે છે.

[II] શિકાર, મત્સ્ય ઉદ્યોગ અને અતિ દોહનની પ્રવૃત્તિના કારણે UNની સૂચિમાં સામેલ 70% પ્રજાતિ પ્રભાવિત થઈ છે. 1979માં UN સંમેલનમાં સામેલ 1189 પ્રજાતિમાંથી 44% ની સંખ્યાનો ઘટાડો થયો છે.

[III] આ રિપોર્ટ IUCN (ઇન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર)ના વિવિધ આંકડાઓ દ્વારા તૈયાર કરાયો છે.

IUCN
(International Union for Conservation of Nature)

## (*) ફિનલેન્ડના પૂર્વ પ્રધાનમંત્રી એલેક્ઝાન્ડર સ્ટબ ફિનલેન્ડના રાષ્ટ્રપતિ બન્યા.

[I] 7 વર્ષના અંતરાલ બાદ પૂર્વ પ્રધાનમંત્રીએ ફરીથી રાજનીતિમાં પ્રવેશ કર્યો.

[II] સ્ટબને 51.7% જ્યારે તેમની વિરુદ્ધ પાર્ટી ગ્રીનના ઉમેદવાર, પૂર્વ વિદેશમંત્રી પેક્કા હાવિસ્ટોને 48.4% વોટ મળ્યા.



[III] નાટો સૈન્ય ગઠબંધનમાં સામેલ થયા બાદ ફિનલેન્ડની આ પ્રથમ ચૂંટણી છે.

[IV] 1 માર્ચે સ્ટબ અધિકારિક રીતે સૌલી નિનિસ્તોના સ્થાને રાષ્ટ્રપતિ પદ મેળવશે.


## (*) કેપીપી નાંબિયાર પુરસ્કાર-2024

[I] IEEE કેરળના સંસ્થાપક અને અધ્યક્ષ કેપીપી નાંબિયારના નામ પરથી આ નામ અપાયું છે. જે વર્ષ 2024 માટે ઈસરોના અધ્યક્ષ એસ. સોમનાથને આપવામાં આવ્યો છે.

[II] માનવતા માટે તકનીકીને આગળ વધારવાના IEEEના દ્રષ્ટિકોણમાં મહત્વના યોગદાન માટે આ પુરસ્કાર અપાયો છે.

[III] આ ઉપરાંત IEEE (ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઇલેક્ટ્રિકલ એન્ડ ઇલેક્ટ્રોનિક્સ એન્જિનિયર્સ) કેરળે આપેલા પુરસ્કારો.

(1) અમરનાથ રાજા માનવતાવાદી પુરસ્કાર - જવાહર શાંતિમા અને તેમની ટીમ (લાઈટ ફોર લાઈફ પ્રોજેક્ટ માટે)




(2) ઉત્કૃષ્ટ મહિલા એન્જિનિયર પુરસ્કાર - અનુપલા હરી.

Current Affairs By G.H.Shingala
GPSC

**[*] પેટીએમ ઈ-કોમર્સે પોતાને 'પાઈ' પ્લેટફોર્મમાં બદલ્યું.**

[I] રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ ના રીબ્રાન્ડિંગની મંજૂરી બાદ આ નામ બદલાયું.

[II] પેટીએમ ઈ-કોમર્સ પ્રાઈવેટ લિ.નું નવું નામ પાઈ પ્લેટફોર્મ્સ પ્રા. લિ. કરાયું જે એલિવેશન કેપિટલમાં સૌથી મોટું શેરધારક છે.

[III] પેટીએમ ઈ-કોમર્સે ONDC ના સાથે કામ કરનાર મુખ્ય વિક્રેતા પ્લેટફોર્મ બિટ્સિલાનું પણ અધિગ્રહણ કર્યું.

[IV] ઈનોબિટ્સ સોલ્યુશન પ્રા. લિ. બિટ્સિલાના નામે કામ કરે છે જેની સ્થાપના 2020માં થઈ હતી.

**[*] ઓડિશાના ગુપ્તેશ્વર વનને જૈવ વિવિધતા વિરાસત સ્થળ જાહેર કરાયું.**

[I] કોરાપુટ જિલ્લાના ગુપ્તેશ્વર વનને ઓડિશાના ચોથા જૈવ વિવિધતા વિરાસત સ્થળ તરીકે જાહેર કરવામાં આવ્યું.

[II] 350 હેક્ટર ભૂમિમાં સ્થિત આ વિસ્તારમાં સસ્તન પ્રાણીઓની 28, પક્ષીઓની 188, ઉભયજીવોની 18, સરીસૃપોની 48, પતંગિયાની 43 સહિત વિવિધ કુલ 608 પ્રજાતિઓ વસવાટ કરે છે.




[III] દક્ષિણ ઓડિશામાં જોવા મળતી ચામાચિડિયાની કુલ 16 પ્રજાતિમાંથી આઠ પ્રજાતિ ગુપ્તેશ્વર ખાતે જોવા મળે છે.

Current Affairs By G.H.Shingala

## * 15 ફેબ્રુઆરી, 2024 *

[*] આસામ કેબિનેટ રાજ્યમાં 'જાદુઈ ઉપચાર' (Magical Healing) પર પ્રતિબંધ મૂકતું વિધેયક પસાર કર્યું.

[I] આસામ ઉપચાર (જાદુટોણાં અટકાયત) પ્રથા વિધેયક, 2024 પસાર કરાયું.

[II] છેતરપીંડીથી થતાં ઉપચારો પર પ્રતિબંધ લગાવવામાં આ વિધેયક મહત્વનો ભાગ ભજવશે.

[III] કોઈ પણ સારવારની અવૈદ્ય પ્રણાલી સામે દોષીતને કારાવાસ અને દંડની જોગવાઈ કરવામાં આવી છે.

[IV] જાદુઈ ઉપચાર સામાન્ય રીતે બહેરાશ, મૂંગાપણું, અંધાપો, શારીરિક વિકૃતિ, ઓટિઝમની બિમારી માટે વાપરવામાં આવે છે.

Current Affairs By
C.H.Shingala

[*] આસામના ડિબ્રુગઢના નામફાંગ આરક્ષિત વનમાં વન્યજીવ સફારી અને બચાવ કેન્દ્ર સ્થાપિત થશે.

[I] અહીં શાકાહારી, માંસાહારી, પક્ષીઓના માટે આંતરરાષ્ટ્રીય સ્તરની સફારી બનશે.

[II] જ્યાં તમામ પ્રાણીઓ માટે સંરક્ષણ અને ઈજાગ્રસ્તોની સમયસર સારવાર માટેની વ્યવસ્થા ઊભી કરાશે.

યાદ રાખો :)

→ બિહારના ડે. CM અને નાણામંત્રી સમ્રાટ ચૌધરીએ 2.79 લાખ કરોડનું બજેટ રજૂ કર્યું.

[*] દયાનંદ સરસ્વતીની 200મી જન્મજયંતી

[I] પ્રધાનમંત્રી મોદીએ સ્વામી દયાનંદ સરસ્વતીની 200મી જયંતી પર ગુજરાતના મોરબીના ટંકારા ખાતેના કાર્યક્રમને સંબોધિત કર્યો.

[II] મહર્ષિ દયાનંદ સરસ્વતીના જન્મજયંતીના ઉપલક્ષ્યમાં સમગ્ર વર્ષ સમારોહ ચલાવવામાં આવશે. તથા નવી શિક્ષણ નીતિ સ્વામી દયાનંદના દૃષ્ટિકોણ આધારિત બનાવાઈ હોવાનો ઉલ્લેખ પ્રધાનમંત્રીએ કર્યો.




• સ્વામી દયાનંદ સરસ્વતી •

→ જન્મ - 12 ફેબ્રુઆરી, 1824 (ગુજરાત)
→ મૂળનામ - મૂળશંકર
→ 1875 - મુંબઈ, આર્ય સમાજની સ્થાપના
→ નારા - 'વેદો તરફ પાછા વળો'
- 'વેદ તમામ જ્ઞાનનો સ્ત્રોત'
→ તેઓ જાતિ વ્યવસ્થા, મૂર્તિપૂજા, અસ્પૃશ્યતાના વિરોધી હતા.
→ શિક્ષણ સંસ્થા - દયાનંદ એંગ્લો વૈદિક વિદ્યાલય.
→ પુસ્તકો - સત્યાર્થ પ્રકાશ, સંસ્કારવિધિ, ઋગ્વેદાદી ભાષ્ય ભૂમિકા

Current Affairs C.H.Shingala GPSC

[*] ભારતના પ્રથમ CDC દિવંગત બિપિન રાવતની પ્રતિમા

[I] રક્ષા મંત્રી રાજનાથ સિંહે દેહરાદૂન ખાતે આ પ્રતિમાનું અનાવરણ કર્યું.

[II] જનરલ બિપિન રાવત આવનારી પેઢીઓ માટે આદર્શ સૈનિકના પ્રેરણાસ્ત્રોત છે. જેમને 1 જાન્યુ., 2020એ CDS તરીકે નિયુક્ત કરાયા હતા.



## ✱ દુનિયાની પ્રથમ એર ટેક્સી - દુબઈ

I વર્લ્ડ ગવર્નમેન્ટ સમિટ ૨૦૨૫માં દુબઈએ દુનિયાની પ્રથમ એર ટેક્સી સેવા શરૂ કરવા હસ્તાક્ષરો કર્યા.

II આ હસ્તાક્ષર બાદ પછી ઈલેક્ટ્રિક હવાઈ ટેક્સી અને વર્ટિપોર્ટ નેટવર્ક ખાસ કરવામાં આવ્યા.

III જોબી એવિએશન S-4 અભિનવ વિમાન નામક આ ટેક્સી એક પાયલોટ સહિત 4 લોકોને લઈ જવા સક્ષમ છે.

IV બેટરી સંચાલિત ટેક્સી 161 km નું અંતર 321 km/hr ની ઝડપે કાપી શકશે. તથા હેલિકોપ્ટરની તુલનાએ ધ્વનિ પ્રદૂષણ તેમાં ઓછું હશે.




## ✱ ભારત - બાંગ્લાદેશ વચ્ચે માયા (પ. બંગાળ) - સુલ્તાનગંજ (બાંગ્લાદેશ) નદીબંદરના માધ્યમથી વ્યાપાર શરૂ થયો.

I માયા બંદરથી પથ્થર લાવનાર પ્રથમ માલવાહક જહાજને ભારતીય બંદર, રાજ્યમંત્રી શાંતનુ ઠાકોરે લીલી ઝંડી આપી.

II માયા અને સુલ્તાનગંજ વચ્ચે 16 km નું અંતર છે. જેમાં 4.5 km જળમાર્ગ ભારતમાં અને 11.5 km બાંગ્લાદેશમાં છે.

III ઈન્ડો-બાંગ્લાદેશ પ્રોટોકોલ (IBP) રૂટ નં-5/6 ના ઉપયોગથી પરિવહન સમયમાં ઘટાડો થાય છે.




Current Affairs C.H.Shingala

# કોઈપણ પરીક્ષા માટે થઈ જાઓ તૈયાર

જેટલી વહેલી મહેનત શરૂ કરશો, એટલી વહેલી સફળતા મળશે.

## અમારાં મહત્વનાં પુસ્તકો - આજે જ વસાવો

UP TO 40% OFF

**IAS, IPS, DySP, Dy. Collector કે Class 1/2/3 અધિકારી બનવાનું કે સરકારી નોકરી મેળવવાનું આપનું સ્વપ્ન કરો સાકાર**




| | | | | |
|---|---|---|---|---|
| MRP. ~~496/-~~ | MRP. ~~380/-~~ | MRP. ~~380/-~~ | | MRP. ~~230/-~~ |
| Only @ 299/- | Only @ 230/- | Only @ 230/- | Coming... | Only @ 170/- |

**કોઈ પણ 3 BOOKS એક સાથે લેવા પર સ્પેશ્યલ Rs. 50/- Extra ડિસ્કાઉન્ટ**




| | | | | |
|---|---|---|---|---|
| MRP. ~~270/-~~ | MRP. ~~150/-~~ | MRP. ~~385/-~~ | MRP. ~~280/-~~ | MRP. ~~180/-~~ |
| Only @ 162/- | Only @ 99/- | Only @ 235/- | Only @ 168/- | Only @ 126/- |

ORDER

Visit website crackgpsc.com/books **OR અથવા** Crack GPSC એપમાં BOOKS વિભાગ પરથી **OR અથવા** અહીં આપેલ QR કોડ દ્વારા પેમેન્ટ કરો.

કુરિયર સર્વિસ FREE (4 થી 5 દિવસમાં ડિલીવરી) QR કોડથી પેમેન્ટ કરીને સ્ક્રીનશોટ 76000 51070 પર Whatsapp કરો.

**Crack GPSC ની બુક્સ જોરદાર જ હોય**

સરકારી નોકરીની તૈયારી માટે

76000 51070

ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

**CRACK GPSC**

# સ્પર્ધાત્મક પરીક્ષા માટે અગત્યનાં પુસ્તકો

## બુકની ઈમેજ પર ક્લિક કરી બુકની સંપૂર્ણ માહિતી મેળવો અને ઓર્ડર કરો.




ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

**CRACK GPSC**

**UPSC - GPSC - PI - PSI - RFO**

**Dy. SO/મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ**

TAT | TET | HTAT

**એક એપ, બધી પરીક્ષાઓ**



**વધુ માહિતી માટે Crack GPSC એપમાં BOOKS વિભાગ વિઝિટ કરો. એમેઝોન પર પણ ઉપલબ્ધ .**

# એક એપ, બધી પરીક્ષાઓ

કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી આટલી સરળ ક્યારેય નહોતી...

# સરકારી નોકરીની તૈયારી કરો

ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

## CRACK GPSC

**UPSC - GPSC - PI - PSI - RFO**

**Dy. SO / મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ**

**TAT | TET | HTAT**



- ક્લાસ 1, 2 અધિકારી બનવાનું કે સરકારી નોકરી મેળવવાનું સ્વપ્ન કરો સાકાર.
- ડાઉનલોડ કરો Crack GPSC એપ અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી

અનુભવી અને સફળ ફેકલ્ટીઝ સાથે ઓછા સમયમાં સચોટ તૈયારી એટલે **Crack GPSC**

વધુ વિગત માટે સંપર્ક કરો. 7600051070

રામમંદિર પ્રાણપ્રતિષ્ઠા આનંદ મહોત્સવ નિમિત્તે

# હાર નહિ માનુંગા

## કોઈ પણ પરીક્ષા માટે થઈ જાઓ તૈયાર



ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

CRACK GPSC

## FEE ની ચિંતા છોડો, FREE તૈયારી કરો.

- **Video Courses** પર ક્લિક કરી **કોર્સ** પર ક્લિક કરો.
- **Redeem Code** પર ક્લિક કરી **CrackGPSC** કોડ દાખલ કરો.
- **APPLY** પર ક્લિક કરો. આપના કોર્સ તરત જ ON થઈ જશે.

(કોડ એક જ વખત નાખવો, વધુ વખત નાખવાથી કોર્સ કાયમ માટે બંધ થઈ શકે છે.)

**અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.**